ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 13th May, 2025

પ્રતિ,
તંત્રી શ્રી,
જય વિજ્ઞાન,

## જય જવાન, જય કિસન, જય વિજ્ઞાન, જય અનુસંધાન : વિજ્ઞાન અને અનુસંધાન (ટેકનોલોજી) વિકસિત ભારતના પાયાના સ્થંભ

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર'ના કાર્યક્ષેત્રમાં વિવિધ વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી કરવાનું નિર્ધારિત હોય છે. જે પૈકી આજ રોજ 'નેશનલ ટેકનોલોજી દિવસ' અંતર્ગત ઉજવણી કરવામાં આવેલ. જેના ઉદ્ઘાટન પ્રસંગે ડો. ગીરીશ ગોસ્વામી (પ્રોજેક્ટ ડાયરેક્ટર, RSC ભાવનગર), શ્રી જય દવે (આચાર્ય, ITI કોલેજ, તળાજા) અને શ્રી હર્ષદ જોષી (જીલ્લા કો-ઓર્ડીનેટર, લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) ઉપસ્થિત રહેલ.

ત્યારબાદ, <u>ટેકનોલોજીસ ફોર વિકસિત ભારત</u> વિષય અંગે શ્રી હર્ષદ જોષી (જીલ્લા કો-ઓર્ડીનેટર, લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર)એ વિગતે જણાવતા..., ભારતે પ્રથમ વાર ૧૯૭૪માં 'સ્માંઈલીંગ બુદ્ધા' નામે પરમાણું પરીક્ષણ કરેલ. ત્યારબાદ ૧૧ અને ૧૩ મે, ૧૯૯૮ ના રોજ ડો. એ.પી.જે. અબ્દુલ કલામના નેતૃત્વમાં મિશન 'શક્તિ'નામથી દ્વિતીય પરમાણું પરીક્ષણ કરી વિશ્વમાં પરમાણું સંપન રાષ્ટ્રોમાં ભારત છઠ્ઠું રાષ્ટ્ર બની પોતાની આવડત અને કુશળતા સિદ્ધ કરી બતાવી હતી. તેજ રીતે અવકાશ ક્ષેત્રે પ્રાપ્ત કરેલ સફળતાઓ અને તેની શરૂઆતના સંઘર્ષો યાદ કરી ભારતના બે મહાન વૈજ્ઞાનિક ડો. હોમી જહાંગીર ભાભા અને ડો. વિક્રમ સારાભાઇના યોગદાન અને તેમની દીર્ઘ દ્રષ્ટા તરીકે વિકસિત ભારતના પાયાનું બીજ રોપેલ. ૧૯૬૦-૭૦ ના દાયકામાં થયેલ "હરિયાળી ક્રાંતિ" અને ૧૯૭૦-૮૦ના દાયકામાં થયેલ "શ્વેત ક્રાંતિ"એ ભારતમાં ઔધોગિક ક્રાંતિના બીજ વાવ્યા, જેમાં IIM, IIT જેવી સસ્થાનોનો ખુબજ મહત્વપૂર્ણ યોગદાન રહેલ.

ટેકનોલોજીની ઉભરતી આ નવી પેઢી કે જે વિકસિત ભારતમાં શ્વાસ લેશે, તે સ્વપ્ન ને સાકાર કરવા Digital Infrastructure & Connectivity, Artificial Intelligence (AI) & Machine Learning, Industry 4.0 / Smart Manufacturing, Clean Energy & Sustainability, Space & Satellite Technology, Biotechnology & Health Tech, Cybersecurity & Data Protection અને AgriTech ક્ષેત્રે દેશનું ભાવી પ્રદાન ભારતને વૈશ્વિક સ્તરે એક નવી જ ઓળખ આપશે. અંતે, ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલ સંઘર્ષમાં ISRO દ્વારા પ્રક્ષેપિત કુત્રિમ ઉપગ્રહો, DRDA દ્વારા બનાવવામાં આવેલ વિવિધ ડ્રોન-મિસાઈલ, BAC દ્વારા વિકસાવામાં આવેલ રક્ષણ પ્રણાલીના ઉપયોગો અને તેની આવશ્કતા વિષે વિગતે સમજવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમમાં ભાવનગર જીલ્લાની વિવિધ ITI ના ૧૨૦ થી વધુ વિધાર્થીઓ અને પ્રાધ્યાપકો જોડાયા હતા.

**જય જવાન, જય કિસન, જય વિજ્ઞાન, જય અનુસંધાન**

(શ્રી હર્ષદ જોષી) 13/5/25
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.